હા... સાહેબ !

"સાંભળ્યું..?! આજ વળી બજારમાં તમતમતા સમાચાર છે."

"શાના સમાચારની વાત કરો છો..?!"

"અરે... સાહેબ..! તમે જાણતાં જ નથી..?! રાજકીય બજારમાં જોરદાર અફવા ચાલે છે... કે અઠવાડીયામાં મુખ્યમંત્રી બદલાય છે..!!"

"આ તો તમારાવાળાના ધંધા..! પહોંચી ના વળે એટલે... નવરા બેઠા પથરા નાંખ્યા કરે..! અને પડીકા વહેંચ્યા કરે..!"

"સાહેબ સાવ કાઢી નાંખવા જેવી વાત નથી..!! કાંઈક તો હશે જ ને... એમને એમ ધુમાડો ઓછો થાય..?! હમણાં જોયા હોર્ડિંગો..?! ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન મુખ્યમંત્રીના સાથે ફોટા..!! એમાં જ કાંઈક એંધાણ..!!"

"તમેય ખરા છો..! 'વા વાયા ને નળીયુ ખસ્યું' જેવો ઘાટ છે..! અમારામાં તો ઝઘડો થાય તોય તમને મઝા પડે..! અને બધા એક થાય તોય તમને મઝા પડે..!! તમારે તો ખાલી રોટલી જ શેકવાની ને અમારી સગડીએ..!?"

"આ જ ભાંજગડ છે ને સાહેબ..?! બધા રોટલી શેકે છે બીજાની સગડીએ જ..!! તમારાવાળા ભાષણો કુદી કુદીને કરે છે... શેના કરે છે..?! ક્યાં કરે છે..?! યુપીએ સરકારે આમ કર્યું ને યુપીએ સરકારે તેમ કર્યું..! આમાં વાત તો બીજાની સગડીની જ છે ને..?!"

"હા... એ તો તમારા નેતા આજે દ્વારકાધીશના દર્શન કરીને ભાંડવાની શરૂ કરી..!! યુવાનોને ખેડૂતોના નામે અમારી સરકારની ટીકા જ કરીને..?!"

"હા... હા... તમે સાંઈઠ વરસનો હિસાબ માંગો... સીત્તેર વરસનો હિસાબ માંગો... અમે ત્રણ વર્ષનો હિસાબ માંગીએ..!! પણ વાત તો સરવાળે હિસાબની જ છે..!! હમણાં જ જુઓને આપણા વિદેશમંત્રીએ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પોતાના વક્તવ્યમાં કહ્યું... ભારતે આઈઆઈએમ બનાવ્યું... આઈઆઈટી બનાવ્યું.... એઈમ્સ બનાવ્યું..!!"

"હં...અ... એટલે આ સીત્તેર વર્ષનો હિસાબ આવી ગયો..! કમાલ છે તમારી પણ હોં..! પ્રશ્નો પણ તમે પુછો અને જવાબ પણ તમે આપો..!! છતાંય અમે કશું કર્યું જ નથી અને તમે જ બધું કર્યું એવો ભાર તમારાવાળા રાખે છે..! જેમ કે, શકટનો ભાર..!!"

"આ જ ચાલાકી છે ને..?! જે જેટલો ભાર રાખીને ફરે એટલો ભારેખમ કહેવાય... એટલો અડીખમ કહેવાય... એટલો બહાદૂર કહેવાય અને એટલો પીઢ કહેવાય..!"

"સાહેબ... આ બધા જ શબ્દો વિચિત્રતાનો ભાવ ઉત્પન્ન કરે છે... પીઢ એટલે રીઢો..! ચાલાકી અને ચતુરાઈ એટલે લુચ્ચાઈ..! હોંશિયારી એટલે છેતરપીંડી.... આમ આવા તો અનેક અર્થો આજકાલ રાજકીય શબ્દકોષમાં ઉમેરાતા જ જાય છે... ઉમેરાતા જ જાય છે..!!"

"ખરેખર... હોં... શબ્દોની જ રમતમાં ભાવ ઢસડાય છે..! ક્યારેક મજબુર તો ક્યારેક મજબુત..! ક્યારેક ખાલીખમ તો ક્યારેક અડીખમ..! રસપ્રદ હોવા છતાંય તદ્દન રસવિહિન રાજકારણથી થાક્યા છીએ..!!"

"થાકે પાલવે એવું નથી..! ઊંટ ઉપર બેઠા છીએ એટલે હાલવું તો

● અનુસંધાન પાન-૭ પર

બાળુડાના ગરબા - ગાંધીનગરમાં પરંપરાગત માહોલમાં દિવ્યાંગો માટેના ગરબાનો વિશિષ્ટ કાર્યક્રમ લાયન્સ ગરબા ગ્રાઉન્ડમાં યોજાયો હતો... શહેરની દિવ્યાંગો માટેની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ ઉલ્લાસભર્યા વાતાવરણમાં ગરબે ઘુમ્યા હતા... દિવ્યાંગોના ચહેરા પર નવરાત્રીના ઉત્સવનો ઉમંગ વર્તાતો હતો... સમગ્ર માહોલમાં માતાજીના સીધા આશીર્વાદ વરસતા હોય એવી અનુભૂતિ સર્જાઈ હતી....

જિલ્લામાં પાંચ વર્ષમાં ૧,૭૦,૦૭૨ મતદારો વધ્યા

ગાંધીનગર(ઉ) અને દહેગામ એવા વિધાનસભા મતવિસ્તાર છે જ્યાં પુરૂષો કરતાં મહિલા મતદારો નોંધનીય વધ્યા : મતદારોની દૃષ્ટિએ સૌથી મોટો વિસ્તાર ગાંધીનગર (દ) અને સૌથી નાનો દહેગામ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૨ની તુલનામાં ૧,૭૦,૦૭૨ મતદારો છેલ્લા પાંચ વર્ષમાં વધારો થયો છે. પાંચેય વર્ષ દરમ્યાન મહિલા મતદારોની સંખ્યામાં ૮૫૦૯૭ અને પુરૂષ મતદારોમાં ૮૪,૯૫૫ મતદારોની સંખ્યામાં વધારો થયો છે.

જિલ્લામાં સૌથી વધુ મતદારો ગાંધીનગર(દ) બેઠક પર વધ્યા છે. જેની સંખ્યા ૬૧૦૮૪ છે. પાંચ વર્ષ દરમ્યાન જે મતદારો વધ્યા છે તેમાં ગાંધીનગર (દ), માણસા અને કલોલ વિધાનસભામાં પુરૂષોની સંખ્યામાં મહિલા મતદારો ઓછા વધ્યા છે.

જ્યારે ગાંધીનગર (ઉ) અને દહેગામ વિધાનસભા મતવિસ્તાર એવા છે જ્યાં પુરૂષની સરખામણીમાં મહિલા મતદારોમાં નોંધનીય વધારો

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાની કઈ બેઠક પર કેટલા મતદારો

મતવિસ્તાર	પુરૂષ	સ્ત્રી	ત્રીજી જાતી	કુલ
દહેગામ	૧૦૨૭૯૦	૯૭૯૪૫	૮	૨૦૦૭૪૩
ગાંધી.(દ)	૧૫૫૫૪૪	૧૪૭૩૦૩	૨	૩૦૨૮૪૯
ગાંધી(ઉ)	૧૧૮૬૭૭	૧૧૧૪૮૫	૭	૨૩૦૧૬૯
માણસા	૧૦૯૭૪૨	૧૦૨૬૬૬	૬	૨૧૨૪૧૪
કલોલ	૧૧૫૨૮૯	૧૦૭૯૮૧	૨	૨૨૩૨૭૨
કુલ	૬૦૨૦૪૨	૫૬૭૩૮૦	૨૫	૧૧૬૯૪૪૭

જિલ્લામાં નવ મહિનામાં ૩૩,૫૨૫ મતદારો વધ્યા

નવા મતદારોમાં મહિલા મતદારો પુરૂષ કરતાં વધુ નોંધાયા : જિલ્લાના મતદારોની સંખ્યા ૧૧,૬૯,૪૪૭ થઈ જેમાં ૬,૦૨,૦૪૨ પુરૂષ મતદારો અને ૫,૬૭,૩૮૦ મહિલા મતદારોનો સમાવેશ થાય છે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લામાં સંક્ષિપ્ત મતદાર યાદી સુધારણા અંતર્ગત હાથ ધરાયેલ ઝુંબેશ સહિત છેલ્લા નવ માસ દરમિયાન ૩૩૫૨૫ મતદારો નવા નોંધાયા છે. જેમાં પુરૂષ મતદારો કરતાં મહિલા મતદારોની સંખ્યામાં ૪૮૦૦થી પણ વધુ જણાયેલ છે.

આજે ચૂંટણી પંચ દ્વારા ૧-૧-૧૭ની સ્થિતિ પછી પ્રથમ પુરવણી યાદી સહિતના મતદારોની યાદી જાહેર કરાઈ છે.

પુરવણી યાદીમાં જે મતદારો વધ્યા છે જેમાં ગાંધીનગર (દ) બેઠક પર સૌથી વધુ ૧૨૩૧૭ મતદારો વધ્યા છે. જેમાં ૫૫૬૭ પુરૂષ મતદારો અને ૬૭૫૦ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. આ પછી કલોલ વિધાનસભા આવે છે જેમાં ૬૬૭૨ મતદારો નવા નોંધાયા છે. જેમાં ૩૭૬૨ મહિલા અને ૨૯૧૦ પુરૂષ મતદારોનો સમાવેશ થાય છે.

ત્રીજા ક્રમે માણસા વિધાનસભા મતવિસ્તાર આવે છે જયાં ૫૧૦૯ નવા મતદારો નોંધાયા છે જેમાં ૩૦૭૨ મહિલા મતદારો અને ૨૦૩૨ પુરૂષ મતદારોનો સમાવેશ થાય છે.

ચોથા ક્રમે ગાંધીનગર (ઉ) આવે છે જેમાં ૪૭૫૪ નવા મતદારો નોંધાયા છે. જેમાં ૨૬૩૩ મહિલા મતદારો નવા નોંધાયા છે જયારે ૨૧૨૧ પુરૂષ મતદારો નવા નોંધાયા છે. દહેગામ વિધાનસભા મત વિસ્તારમાં ૪૬૭ મતદારો નવા નોંધાયા છે જેમાં ૨૯૫૦ મહિલા મતદારો અને ૧૭૨૩ પુરૂષ મતદારોનો સમાવેશ થાય છે.

જિલ્લામાં નવ મહિના દરમિયાન ૧૫૯૫૪ મતદારોના નામ કમી થયા છે. જેમાં ગાંધીનગર (દ)માંથી ૫૦૫૮, કલોલમાંથી ૩૫૭૦ ગાંધીનગર (ઉ)માંથી ૩૨૨૪, દહેગામમાંથી ૨૩૨૯ અને માણસામાંથી ૧૭૭૩ મતદારોના નામ કમી થયા છે.

જિલ્લામાં હવે મતદારોની સંખ્યા વધીને ૧૧ લાખ ૬૯ હજાર ૪૪૭ થઈ છે. જેમાં પુરૂષ મતદારોની સંખ્યા ૬,૦૨,૦૪૨ છે જયારે ૫,૬૭,૩૮૦ મહિલા મતદારો છે. ૨૫ ત્રીજી જાતિના મતદારો છે.

● અનુસંધાન પાન-૭ પર

'મા'ની ચૂંદડી લહેરાય... - નવરાત્રીના ચોથા નોરતે શહેરમાં ખેલૈયાઓ મનભરીને ગરબે ઘુમ્યા હતા... શેરી ગરબા અને પાર્ટી પ્લોટના અવનવી ડીઝાઈનવાળા પહેરવેશ સાથે ગરબા ઘુમવાનો લ્હાવો લેતા યુવાનોના ચહેરા પર ઉમંગ છલકાતો હતો... માતાજીના ગુણગાન ગાવાના પાવન પર્વે બાળકો અને યુવાનો ઉત્સાહપૂર્વક ગરબે ઘુમે છે...

૨૦૧૨ની તુલનામાં ૧૮૯ નવા મતદાન મથકો

ગાંધીનગર (ઉ)માં સૌથી ઓછા મતદાન મથકો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૨માં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં ૧૧૫૦ મતદાન મથકો હતા જે ૨૦૧૭માં વધીને ૧૩૩૯ થયા છે. આમ ૨૦૧૨ની તુલનામાં ૧૮૯ મતદાન મથકો નવા બન્યા છે.

જિલ્લાના પાંચેય વિધાનસભા મતવિસ્તારો પ્રમાણે જોઈએ તો દહેગામમાં ૨૦૧૨માં ૨૨૦ હતા તે ૨૦૧૭માં વધીને ૨૫૫ અર્થાત ૩૫નો વધારો થયો છે. ગાંધીનગર(દ)માં ૨૮૪ હતા તે વધીને ૩૩૯ થયા છે અર્થાત ૫૫ નવા મતદાન મથકો થયા છે.

ગાંધીનગર(ઉ)માં ૨૧૬ હતા તે વધીને ૨૩૫ થયા છે અર્થાત ૧૯ મતદાન મથકો નવા બન્યા છે. માણસામાં ૨૨૬ હતા તે વધીને ૨૬૩ થયા છે અર્થાત ૩૭ નવા મતદાન મથકો બન્યા છે. જ્યારે કલોલમાં ૨૦૪ હતા તે વધીને ૨૪૭ થયા છે અર્થાત ૪૪ નવા મતદાન મથકો વધ્યા છે.

ગુડા આવતીકાલે ૨૧૭ કરોડના વિકાસ કામોનુ લોકાર્પણ-ખાતમુહુર્ત કરશે

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત આગામી તા ૨૭ સપ્ટેમ્બરના રોજ ૨૧૭ કરોડના વિકાસ કામોનુ લોકાર્પણ તેમજ ખાતમુહુર્ત કરવામાં આવશે. ગુડા વિસ્તારમાં રહીશોને નર્મદાનુ પાણી મળે તે માટે પણ યોગ્ય આયોજન કરવામાં આવ્યુ છે. જયારે વિવિધ ટી પી વિસ્તારમાં રોડ નેટવર્ક તેમજ સ્ટ્રીટ લાઈટના કામો પણ એમ્યુઝમેન્ટ પાર્ક તેમજ રંગમંચ સહીતના કામોનુ ખાતમુહુર્ત કરવામાં આવશે. કાંકરીયા તેમજ પ્રહલાદનગરની પેટર્ન પર એમ્યુઝમેન્ટ પાર્ક વિકસાવાશે.

વિવિધ ટી પી વિસ્તારમાં નવા ૧૦ બગીચાઓનુ નિર્માણ કરાશે : સરગાસણમાં એમ્યુઝમેન્ટ પાર્ક બનશે : કાંકરીયા પ્રહલાદનગરની પેટર્ન મુજબ પાર્કમાં રાઇડસ પણ મુકાશે : કુડાસણ અને રાયસણમાં નવા આવાસોની યોજનાનુ ભુમિપુજન : કુડાસણમાં રંગમંચ અને પાર્ટી પ્લોટ પણ વિકસાવાશે : આવતીકાલે ટાઉનહોલ સામેની લોનમાં બપોરે લોક સુવિધાના કામોને અનુલક્ષી કાર્યક્રમ યોજાશે

લોકાર્પણ તેમજ ખાતમુહુર્ત કરવામાં આવશે. ગુડાના કુડાસણ ,રાયસણ તેમજ અડાલજ વિસ્તારમાં એમ આઈ જી તેમજ એલ આઈ જી પ્રકારના આવાસોનુ લોકાર્પણ તેમજ ભુમિપુજન ઉપરાંત ગુડા વિસ્તારમાં ૧૦ જેટલા નવિન ઉદ્યાનો અને સરગાસણના પાર્કમાં વિવિધ પ્રકારની રાઈડસ તેમજ અવનવા આકર્ષણો પણ જોવા મળશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિકાસના અનેકવિધ આયામો વચ્ચે માળખાગત સુવિધાઓને અનુલક્ષી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ગુડા વિસ્તારમાં રહીશોને નર્મદાનુ પાણી મળે તે માટે પણ યોગ્ય આયોજન કરવામાં આવ્યુ છે. જયારે વિવિધ ટી પી વિસ્તારમાં રોડ નેટવર્ક તેમજ સ્ટ્રીટ લાઈટના કામો પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહયા છે. સ્ટ્રીટ લાઈટના કામો અંતર્ગત એલ ઈ ડી લાઈટના પ્રોજેકટને વેગ આપવાની સાથે ગુડાના વિવિધ ગામોમાં પણ અજવાળુ પથરાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. ગુડા દ્વારા કલીન સીટીના કન્સેપ્ટને વેગ આપવા પ્રયાસ કરવામાં આવી રહયો છે. ગુડા દ્વારા રાયસણ અને અડાલજ તેમજ ચિલોડામાં તૈયાર કરાયેલી આવાસ યોજનામાં રહીશોનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. જયારે ગુડા દ્વારા કલીન સીટી અને ગ્રીન સીટીના અભિગમને ધ્યાને લઈ ગુડા વિસ્તારમાં હરિયાળા ઉદ્યાન નિખારવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. અગાઉ પણ ગુડા વિસ્તારમાં ઉદ્યાનોનુ નિર્માણ કરાયુ હતુ. જયારે હજુ ગુડા વિસ્તારમાં નવા ૧૦ ઉદ્યાનો બનાવાશે. જેમાં પેથાપુર,કુડાસણ ,સરગાસણ , વાવોલ, તેમજ ઉવારસદ વિસ્તારમાં નવા બગીચાઓનુ નિર્માણ કરાશે. નવા બગીચાઓના નિર્માણ પાછળ રૂ ૧૦.૫૯ કરોડનો ખર્ચ થશે.

આ ઉપરાંત સરગાસણમાં કુલ ૧૭૨૭૦ ચો મી વિસ્તારમાં ૫.૫૦ કરોડના ખર્ચે એમ્યુઝમેન્ટ પાર્કનુ નિર્માણ કરાશે. જેમાં પ્રહલાદનગર તેમજ કાંકરીયાની પેટર્ન પર રાઈડસ પણ જોવા મળશે.

● અનુસંધાન પાન-૭ પર

આજથી છાલા ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

જિલ્લામાંથી પાંચ વિભાગમાં ૭૫ કૃતિઓ રજુ કરવામાં આવશે : ઈવીએમ વીવીપેટ સાથે નિદર્શન કરાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાનો ગણિત-વિજ્ઞાન મેળો આજથી છાલા ખાતે શરૂ થશે. જેને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંભુજી ઠાકોર ખુલ્લો મુકશે.

પાંચ વિભાગમાં ૭૫થી પણ વધુ કૃતિઓ ગણિત અને વિજ્ઞાનની વિદ્યાર્થીઓ દ્વારા મેળામાં રજુ થનાર છે. ગણિત-વિજ્ઞાન મેળાને લઈ છાલા ગામ અને આસપાસની શૈક્ષણિક સંસ્થાના બાળકોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.

આ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનની તકને ઝડપી લઈ જિલ્લા વહીવટીતંત્રએ ત્યાં વી.વી.પેટ સાથેના ઈ.વી.એમ.નું નિદર્શન કરવાનો પણ નિર્ણય લીધો જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ પણ વિશેષ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કરનાર છે.

ગણિત-વિજ્ઞાનના સુયોગ્ય સંકલનથી રજુ થનાર કૃત્રિ આ પ્રદર્શન મેળાનું આગવુ આકર્ષણ બની રહેશે તેમ મનાઈ રહ્યુ છે.

આ પ્રદર્શનમાં પ્રથમ આવનાર કૃતિને રાજ્યકક્ષાએ સ્પર્ધા માટે મોકલવામાં આવશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૮૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com